ક્રમાંકઃજમન/૧૪/અ/ ૫૭૪ /સને.૨૦૨૨-૨૩
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
સાબરકાંઠા વન વિભાગ,ટાવર સામે,
હિંમતનગર તા.૩-૦૧-૨૦૨૨

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
ગાંધીનગર વન વર્તુળ,
ગાંધીનગર

**વિષય :-** Proposal for diversion of (Area 27.051 Ha.) Forest land for Non forest purpose in Reserved forest land widening of Khokhara Gujarat Border - Vijaynagar - Antarsuba - Mathasur Road in Taluka Vijayanagar, Idar & Vadali of District Sabarkantha. (Area 27.051 Ha.)

**સંદર્ભ :-** આપના પત્ર ક્રમાંકઃવસંધા/૧૭/બ/૪૬૮૨ તા.૧૭/૧૨/૨૦૨૨

સાદર નિવેદન સહ ઉપરોકત વિષય સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે અત્રેના વન વિભાગ હેઠળના કાર્યક્ષેત્રમાં આવતા ખોખરા બોર્ડરથી વિજયનગર, આતરસુબા માથાસુર રોડ પહોળો કરવા બાબતની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ મંજુરી માગતી દરખાસ્ત કરવામાં આવેલ હતી. તેમાં વૃક્ષો નડતર કર્તા હતાં તેના માર્કિંગ ખરડા તૈયાર કરી દરખાસ્ત સાથે અત્રેના પત્ર ક્રમાંકઃ-જમન/૧૪/૧૯૫-૯૮ તા.૩૦/૦૪/૨૦૨૨ થી સાદર કરવામાં આવેલ હતી તેમાં માર્કિંગ ખરડા, પાર્ટ-૨, એનેક્ષ્ચર-૧૬, એનેક્ષ્ચર-૧૭ માં ધોલવાણી રેન્જના-૪૧૨૬ ઝાડ, વિજયનગર રેંજના-૫૭૭૭ ઝાડ કુલ મળી ૯૯૦૩ ઝાડ આવે છે જેમાં યુઝર એજન્સી ધ્વારા સંપાદન કરેલ જમીન રોડ સેન્ટર થી ડાબી બાજુ-૧૫ મીટર અને જમણી બાજુ-૧૫ મીટરની પહોળાઈમાં આવતા ઝાડો ગણત્રી કરેલ હતા પરંતુ આપના પત્ર ક્રમાંકઃ-વસંધા/૧૭/બ/૧૨૪૭ તા.૦૪/૦૬/૨૦૨૨ થી નડતર કર્તા વૃક્ષો ઓછા કાપવા અંગે જણાવેલ તેના અનુસંધાને યુઝર એજન્સીના પ્રતિનિધીને રૂબરૂ અત્રેની કચેરીએ બોલાવી આ અંગે મીટીંગ કરી સદર રોડમાં વૃક્ષો બને ત્યાંસુધી ઓછા કાપવા અંગે ચર્ચા કરી જેમાં યુઝર એજન્સી ધ્વારા ૨.૫૦ મીટરનો ઉપયોગ કરવાનો થાય છે તેવુ જણાવતાં ખરેખર જેટલો વિસ્તાર ઉપયોગ લેવાનો થાય છે અને તેમાં નડતર કર્તા વૃક્ષો આવતા હતા તેની તાબના સ્ટાફ અને એજન્સીના પ્રતિનિધિ ધ્વારા હાલ રોડની ડાબી બાજુ ડામર ફેસથી ૨.૫૦ મીટર અને રોડની જમણી બાજુ ડામર ફેસથી ૨.૫૦ મીટરનો ઉપયોગ કરવાનો થાય છે તેમાં આવતા ધોલવાણી રેન્જના-૨૧૧૬ અને વિજયનગર રેન્જના-૨૫૬૭ વૃક્ષો મળી કુલ-૪૬૮૩ વૃક્ષો નડતર કર્તા હોઈ તેટલા વૃક્ષો કાપવાના થાય છે. તો દરખાસ્તની મંજુરી મળવા ઘટતું કરવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
સાબરકાંઠા, હિંમતનગર

**નકલ** જય ભારત સહ રવાનાઃ- નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પેટા વિભાગ ઈડર તા.ઈડર જી.સાબરકાંઠા તરફ જાણ સારૂ.